શ્રદ્ધાના દિવડાને જલતો તું રાખજે, નિશદિન સ્નેહ કેરું તેલ એમાં નાખજે, મનને મંદિર જોજે અંધકાર થાય ના...

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૨૦૨ | ૧ ઓક્ટોબર, ૨૦૨૦, ગુરૂવાર; અ. આસો સુદ - ૧૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

**નવા કેસ**

| | |
|---|---|
| રાજ્ય | ૧૩૯૦ |
| અમદાવાદ | ૧૯૭ |
| ગાંધીનગર | ૩૧ |

# અનલોક-૫ : ૫૦ ટકા કેપેસિટી સાથે ૧૫મીથી સિનેમા ખુલશે

ગાંધીનગર

કોરોના સંક્રમણના સમયમાં કેન્દ્ર સરકારે અનલોક-૫ની ગાઈડલાઈન જાહેર કરી છે જેમાં સિનેમાગૃહોને શરતી છૂટ આપવામાં આવી છે, જ્યારે સ્કૂલો અને શૈક્ષણિક સંસ્થાઓ શરૂ કરવાનો નિર્ણય રાજ્ય પર છોડ્યો છે. આ ગાઈડલાઈનમાં સિનેમાગૃહોને ૫૦ ટકા કેપેસિટી સાથે ખોલવાની તેમજ ખેલાડીઓ માટે સ્વિમીંગ પૂલ શરૂ કરવાની મંજૂરી આપવામાં આવી છે. ગુજરાતમાં કોરોના સંક્રમણના કેસો વધતા જાય છે તેથી રાજ્ય સરકાર કેન્દ્રની આ ગાઈડલાઈનના આધારે રાજ્યની ગાઈડલાઈન જાહેર કરવાની છે ત્યારે તેમાં કેટલીક વધુ છૂટછાટ આપવામાં આવે તેવી સંભાવના છે. સંભવત ગુરૂવારે રાજ્ય સરકાર ગાઈડલાઈન જાહેર કરે તેમ મનાય છે.

## ૧૫મીથી અમલી બનતી ગાઇડલાઇન આ પ્રમાણે છે....

૧. સિનેમા-મલ્ટિપ્લેક્સ-થિએટર્સને ૫૦% સીટિંગ કેપેસિટી સાથે શરૂ કરી શકાશે
૨. બિઝનેસ એક્ઝિબિશન (બીરબી)ને મંજૂરી અપાશે જે વાણિજ્ય મંત્રાલયની શરતોને આધિન રહેશે.
૩. ફક્ત સ્પોર્ટ્સપર્સન એટલે કે રમતવીરોને તાલીમ આપવા સ્વિમીંગ પુલ ખુલશે.
૪. મનોરંજન પાર્ક તથા તેના જેવા સ્થળોને ખોલવા મંજૂરી અપાશે.
૫. સ્કૂલ-કોલેજ-કોચિંગ ક્લાસ શરૂ કરવા બાબતે જે-તે રાજ્ય સરકાર નિર્ણય લેવા મુક્ત.
૬. હજી પણ ઓનલાઈન/ડિસ્ટન્સ લર્નિંગને જ પહેલી પસંદગી આપવા ભલામણ.
૭. સ્કૂલો ખૂલ્યા પછી પણ વિદ્યાર્થીઓ માટે ઓનલાઈન શિક્ષણ ખુલ્લું રહેશે.
૮. વાલીઓની લેખિત મંજૂરી પછી જ વિદ્યાર્થી સ્કૂલ/કોચિંગ ક્લાસિસમાં જઈ શકશે.
૯. હાજરી માટે કોઈ ફરજ નહીં પાડી શકાય, તેનો સંપૂર્ણ આધાર વાલીની સંમતિ પર રહેશે.
૧૦. સ્કૂલોએ ખૂલ્યા પછી પણ શિક્ષણ વિભાગની એસઓપીનું ચુસ્ત પાલન કરવું પડશે.
૧૧. કોલેજો/ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓને ફરી ખોલવાનો નિર્ણય પણ આ રીતે જ લેવાશે.
૧૨. પીએચડી-અનુસ્નાતક જેવી ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાં ૧૫મી પછી લેબ/પ્રયોગકાર્યને મંજૂરી.
૧૩. કન્ટેન્મેન્ટ ઝોન બહાર કાર્યક્રમોનો નિર્ણય રાજ્ય સરકાર લઈ શકશે.
૧૪. રાજકીય મેળાવડા તથા સભાઓમાં ૧૦૦થી વધુ વ્યક્તિની હાજરી અંગે રાજ્ય નિર્ણય કરશે.
૧૫. બંધ હોલમાં બેઠક ક્ષમતાના મહત્તમ ૫૦% અને વધુમાં વધુ ૨૦૦ લોકોને મંજૂરી અપાશે
૧૬. માસ્ક-સોશિયલ ડિસ્ટન્સ-થર્મલ સ્ક્રીનિંગ-હેન્ડ સેનિટાઈઝરનો ઉપયોગ ફરજિયાત રહેશે.
૧૭. કોમર્શિયલ ધોરણે આંતરરાષ્ટ્રીય પ્રવાસ પ્રતિબંધિત.
૧૮. મનોરંજન પાર્ક તથા તેના જેવા સ્થળો બંધ રહેશે.
૧૯. ૩૧ ઓક્ટોબર સુધી કન્ટેન્મેન્ટ ઝોનમાં લોકડાઉનનો ચુસ્ત અમલ જારી.
૨૦. રાજ્ય સરકારો કન્ટેન્મેન્ટ ઝોન બહાર કોઈ લોકડાઉનનો અમલ નહીં કરી શકે.

# બાબરી ધ્વંશ કેસમાં તમામ આરોપીઓ નિર્દોષ



**સીબીઆઈની વિશેષ અદાલતનો મહત્વપૂર્ણ ચુકાદો : ભાજપના વરિષ્ઠ નેતા લાલકૃષ્ણ અડવાણી, મુરલી મનોહર જોશી અને ઉમા ભારતી સહિતના નેતાઓ અને કાર્યકરોને વિશેષ અદાલતે નિર્દોષ જાહેર કર્યા**

નવી દિલ્હી, તા. ૩૦

બાબરી મસ્જિદ ધ્વંશ કેસમાં આખરે ૨૮ વર્ષ બાદ સીબીઆઈની વિશેષ અદાલતે આજે ચુકાદો આપ્યો જેમાં તમામ ૩૨ આરોપીઓને નિર્દોષ જાહેર કરવામાં આવ્યા છે. તેમાં લાલકૃષ્ણ અડવાણી, મુરલી મનોહર જોશી, ઉમા ભારતી, વિનય કટિયાર, કલ્યાણસિંહ જેવા દિગ્ગજ નેતાઓનાં નામ પણ સામેલ છે. ચુકાદો આપતી વખતે કોર્ટે સ્પષ્ટ કર્યું કે ફોટા, વીડિયો વગેરે જે પુરાવા તરીકે રજૂ કરાયા છે તે આરોપીઓ સામે નક્કર પુરાવા નથી. બાબરી ધ્વંશ કેસમાં સીબીઆઈની વિશેષ અદાલતનો નિર્ણય ૨૩૦૦ પાનાનો છે. કોર્ટે તમામ આરોપીઓને નિર્દોષ જાહેર કરતી વખતે જણાવ્યું હતું કે, મસ્જિદ તોડવામાં વિશ્વ હિન્દુ પરિષદની સીધી કે આડકતરી રીતે કોઈ ભૂમિકા નથી. ધ્વંશમાં ઘણા અજાણ્યા લોકો સામેલ થયા હતા, કેટલિક ઘટનામાં લોકોએ પાછળથી પથ્થરમારો કર્યો હતો. કોર્ટે એમ પણ કહ્યું હતું કે જ્યારે ઘણા લોકો આ માળખું તોડવાનો પ્રયાસ કરી રહ્યા હતા, ત્યારે ત્યાં આરોપી તેમને શાંત પાડવાનો પ્રયાસ કરી રહ્યા હતા. સીબીઆઈ ન્યાયાધીશ એસ.કે. યાદવના

● અનુસંધાન પાન-૭ પર

# ગેંગરેપ કેસ પર કડક પગલાં લેવાની યોગીને મોદીની સુચના

**ગેંગરેપ બાદ મૃત્યુ પામેલી યુવતીની અંતિમ ક્રિયા પણ પરિવારની મંજૂરી વગર કરાતા લોકોમાં ભારે આક્રોશ**

નવી દિલ્હી, તા. ૩૦

ઉત્તર પ્રદેશના હાથરસમાં ગેંગરેપ બાદ મંગળવારે દિલ્હીની એક હોસ્પિટલમાં પીડિતાનું મોત નીપજ્યું હતું. જેના કારણે દેશભરમાં રાજ્ય સરકાર અને પોલીસ પ્રત્યે રોષ જોવા મળી રહ્યો છે. વિરોધ પક્ષ સરકારના વલણ ઉપર સતત હુમલો કરી રહ્યો છે અને તીક્ષ્ણ પ્રશ્નો પૂછે છે. સોશિયલ મીડિયા પર લોકો નારાજગી વ્યક્ત કરી રહ્યા છે અને પીડિતાને બીજી નિર્ભયા ગણાવીને વ્યથા વ્યક્ત કરી રહ્યા છે. તે જ સમયે, પીડિતાના પરિવારજનોએ આરોપ લગાવ્યો છે કે તેની પુત્રીની અંતિમવિધી તેમની સંમતિ વિના બળજબરીથી કરવામાં આવી છે. હવે મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે આ મામલે વડા પ્રધાન નરેન્દ્ર મોદી સાથે વાત કરી છે. તેમણે કહ્યું છે કે વડા પ્રધાને ગુનેગારો સામે કડક કાર્યવાહી કરવા જણાવ્યું છે. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે ટ્વિટ કરીને કહ્યું છે કે 'આદરણીય

● અનુસંધાન પાન-૭ પર

# અનુરાગ કશ્યપને સમન્સ

**અનુરાગ કશ્યપ સાથે ફેસબુક દ્વારા મિત્રતા થઈ હતી, જે બાદ તે અનુરાગને મળી હોવાનો અભિનેત્રીએ પાયલ ઘોષે દાવો કર્યો**

મુંબઈ,તા.૩૦

યૌન શૌષણના કેસમાં અનુરાગ કશ્યપને મુંબઈ પોલીસ સમન્સ પાઠવ્યું છે. ૧ ઓક્ટોબરના રોજ અનુરાગ કશ્યપને પોલીસ સ્ટેશન પહોંચવાનું છે. મીડિયા રિપોર્ટ મુજબ, ગુરુવારે સવારે ૧૧ વાગ્યે અનુરાગ કશ્યપ વર્સોવા પોલીસ સ્ટેશનમાં હાજર થશે. બોલિવુડ એક્ટ્રેસ પાયલ ઘોષે કથિત રીતે અનુરાગ પર સાત વર્ષ પહેલા બળાત્કાર કર્યાનો આરોપ મૂક્યો છે. થોડા દિવસ પહેલા પાયલે વિડીયો જાહેર કરીને અનુરાગ પર ચોંકાવનારા આરોપ લગાવ્યા હતા. પાયલે વિડીયોમાં કહ્યું હતું કે તેની અને અનુરાગ કશ્યપની મિત્રતા ફેસબુક દ્વારા થઈ હતી. જે બાદ તે અનુરાગને મળી હતી. ત્રીજી મુલાકાત વખતે અનુરાગે પાયલને ઘરે બોલાવી હતી અને જબરદસ્તી કરવાનો પ્રયાસ કર્યો હતો, તેમ પાયલનું કહેવું છે.

# દેશમાં ૨૪ કલાકમાં ૮૦,૪૭૨ નવા કેસ

**૯૭,૪૯૭ દર્દીઓએ જીવ ગુમાવ્યો, હાલમાં ૯.૪૦ લાખ એક્ટિવ કેસ**

ન્યુ દિલ્હી,તા.૩૦

દેશમાં કોરોના વાયરસથી સંક્રમિત થનારા લોકોની સંખ્યા ૬૨ લાખને પાર થઈ ગઈ છે. જેની સામે ૫૧ લાખથી વધુ લોકો સાજા થઈ ગયા છે. પરંતુ કોવિડ-૧૯ સામે લડતાં ૯૭ હજારથી વધુ દર્દીઓએ પોતાના જીવ ગુમાવ્યા છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય વિભાગ દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડાઓ મુજબ, છેલ્લા ૨૪ કલાકમાં ૮૦,૪૭૨ નવા પોઝિટિવ કેસો નોંધાયા છે. આ ઉપરાંત કોવિડ-૧૯ના કારણે ૧,૧૭૯ દર્દીઓએ પોતાના જીવ ગુમાવ્યા છે. દેશમાં હવે કુલ સંક્રમિતોની સંખ્યા વધીને ૬૨,૨૫,૭૬૪ થઈ ગઈ છે. નોંધનીય છે કે, ભારતમાં કોવિડ-૧૯ની મહામારી સામે લડીને ૫૧ લાખ ૮૭ હજાર ૮૨૬ લોકો સાજા પણ થઈ ચૂક્યા છે. હાલ ૯,૪૦,૪૪૧ એક્ટિવ કેસો છે. દેશમાં અત્યાર સુધીમાં કુલ ૯૭,૪૯૭ લોકોનાં કોરોના વાયરસના કારણે મોત થયા છે. બીજી તરફે જાહેર કરેલા આંકડાઓ મુજબ, ૨૯ સપ્ટેમ્બર સુધીમાં ભારતમાં કુલ ૭,૪૧,૯૬,૭૨૯ કોરોના સેમ્પલનું ટેસ્ટિંગ કરવામાં આવ્યું છે.



## છેલ્લે... છેલ્લે...

- મહારાષ્ટ્રમાં ૩૧મી ઓક્ટોબર સુધી લોકડાઉન લંબાવાશે.
- કેશુભાઈ પટેલ સોમનાથ મંદિર ટ્રસ્ટના ફરીથી ચેરમેન પદે નિમાયા.
- આવકવેરાના રિટર્ન ભરવાની છેલ્લા તારીખ ૩૦ નવેમ્બર કરાઈ.
- મહારાષ્ટ્રના યવતમાલમાં ૧૩૫ ડૉક્ટરોએ સામુહિક રીતે રાજીનામું આપ્યું.

# બિહાર ચૂંટણી મામલે અમિત શાહે બેઠક વહેંચણીનો મુદ્દો ઉકેલ્યો

**ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ નડ્ડાના આવાસે બેઠક યોજાઈ ચિરાગ પાસવાનના વલણને જોતા ભાજપનો બી પ્લાન તૈયાર**

પટણા, તા. ૩૦

જેપી નડ્ડાના નિવાસ સ્થાને ભાજપની આ બેઠક પછી, જેડીયુના સાંસદ રાજીવ રંજન ઉર્ફે લલન સિંહ, જેને દિલ્હી બોલાવવામાં આવ્યા હતા, અને ત્યારબાદ એલજેપીના પ્રમુખ બેઠક વહેંચણી માટે ચર્ચા કરવામાં આવશે. જોકે, ચિરાગ પાસવાન એનડીએમાં રહેશે કે કેમ તે અંગે હજુ પણ થોડી શંકા છે. પરંતુ, બેઠક વહેંચણીમાં અમિત શાહની એન્ટ્રી થયા પછી અથવા એવું અનુમાન કરવામાં આવી રહ્યું છે કે એલજેપી પણ તેમની પસંદગી પ્રમાણે બેઠક આપીને એનડીએને જાળવી રાખવાનો પ્રયાસ કરશે. ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી.નડ્ડાના નિવાસ સ્થાને મળેલી બેઠક બાદ

● અનુસંધાન પાન-૭ પર

# અઝરબૈજાનને પાક અને તુર્કીનો ખુલ્લો સપોર્ટ

**રશિયા અર્મેનિયાની મદદે આવે તેવી શક્યતા : પાકે અઝબૈજાનની મદદ માટે સેના મોકલી, તુર્કી સાથે મળીને સીરિયા-લિબીયાથી આતંકી મોકલવામાં આવ્યા**

નવી દિલ્હી,તા.૩૦

ખ્રિસ્તી દેશ અર્મેનિયા અને મુસ્લિમ દેશ અઝરબૈજાન વચ્ચે છેડાયેલી જંગમાં તુર્કી અને પાકિસ્તાન ખુલીને સામે આવી ગયા છે. પાકિસ્તાને અઝબૈજાનની મદદ માટે પોતાની સેના મોકલી છે જ્યારે તુર્કી સાથે મળીને સીરિયા અને લિબીયાથી આતંકીઓ ત્યાં મોકલવામાં આવી રહ્યા છે. આ ઉપરાંત અર્મેનિયાએ એવો દાવો પણ કર્યો છે કે તુર્કીના એક ફાઈટર જેટે તેમનું ફાઈટર વિમાન તોડી પાડ્યું. જેમાં પાયલટનું મૃત્યુ થયું છે. અર્મેનિયા અને અઝરબેઝાન

● અનુસંધાન પાન-૭ પર

# ઓક્ટોબર મહિનામાં દેશમાં ૧૫ દિવસ બેંકોમાં રજા રહેશે

**દેશના કેટલાક ભાગમાં પ્રાદેશિક તહેવારોને અનુલક્ષીને બેંકોનું કામ બંધ રહેશે : ઓનલાઈન બેન્કિંગથી રાહત**

નવી દિલ્હી, તા. ૩૦

ઓક્ટોબરમાં તહેવારોની શરૂઆત થશે. દુર્ગાપૂજા, નવરાત્રી જેવા મોટા ઉત્સવો આવી રહ્યા છે. બેંકોમાં પણ રજા રહેશે. જેઓએ ઓક્ટોબરમાં બેંકની શાખામાં જઈને કોઈ કામ કરાવવું હોય, તો પહેલા બેંકોની રજાઓ વિશે જાણી લેવું જરૂરી છે. બેંકોમાં ઓક્ટોબર મહિનામાં લાંબી રજાઓ હોય છે. શનિવાર અને રવિવાર સાથે બેંકો ઓક્ટોબરમાં કુલ ૧૫ દિવસ બંધ રહેશે. આવી સ્થિતિમાં, બેંકોની રજાઓ વિશેની માહિતીને ધ્યાનમાં રાખીને, તમારે ઝડપથી બેંક સાથે સંબંધિત વ્યવહાર કરવા જરુરી છે જેથી તહેવાર દરમિયાન તમને કોઈ પણ પ્રકારની મુશ્કેલીનો સામનો ન કરવો પડે.

ઓક્ટોબર મહિનામાં બેંકોની લાંબી રજા હોય છે. જો રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા નક્કી કરવામાં આવેલી રજાઓ, તેમજ શનિવાર અને રવિવારની રજા ગણવામાં આવે તો, બેંકો આવતા મહિને ૧૫ દિવસ કામ કરશે નહીં. બેંકોની રજા ૨ ઓક્ટોબરથી શરૂ થશે. ૨ ઓક્ટોબર (શુક્રવાર) ના રોજ ગાંધી જયંતિની રાષ્ટ્રીય રજાના કારણે તમામ સરકારી અને ખાનગી બેંકો બંધ રહેશે.




## શુભેચ્છા



**શ્રી આર. પી. સુતરીયા**
મહામંત્રી
કુટીર ઉદ્યોગ સ્ટાફ એસોસીએશન

શ્રી આર.પી.સુતરીયા સાહેબની વયનિવૃત્તિ સમયે આ તેજસ્વી જીવનયાત્રાના આ મુકામે મુરબ્બી શ્રી સુતરીયા સાહેબે જે બે દાયકાથી પણ વધુ સમયથી કુટીર ઉદ્યોગ સ્ટાફ એસોસીયેશનના પ્રમુખ તથા ગુજરાત રાજય કર્મચારી મહામંડળમાં પણ હોદ્દેદાર તરીકે કાર્યરત રહી ગુજરાતના નાના કર્મચારીઓથી લઈ મોટા અધિકારીઓને પણ પોતાનાથી બનતું કાર્ય કરી તથા જરૂરી માર્ગદર્શન આપી જે દરેકના અંતરના આશિષ પ્રાપ્ત કર્યા છે. જે માટે કુટિર ઉદ્યોગ સ્ટાફ એસોસિયેશન આપનો ખુબ ખૂબ આભરી રહેશે. આવનારા વર્ષોમાં આપનું આરોગ્ય આપને હંમેશ અનુકૂળ થાય અને સમાજ માટે દિવાદાંડી સમું જીવન આપ આનંદપૂર્વક જીવો એ જ પરમ કૃપાળુ પરમાત્માને હૃદયની પ્રાર્થના..

: શુભેચ્છકો :

જી. એલ. પટેલ (પ્રમુખ) | એચ. બી. પટેલ (મહામંત્રી) | એ. કે. મહેતા, જી.કે.મેવાડા, આર. કે. રાજન, તરૂણ પરમાર, સંજય પટેલ તથા સમસ્ત કુટીર ઉદ્યોગ પરીવાર